**ફોજદારી કેસ નં.૮૯૨૫/૨૦૧૪**

**:આંક –૧ લગત હુકમ:**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસ નું રેર્કડ જોવામાં આવે તો, કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હો જોઈએ તો તે જી.પી.એક્ટ કલમ ૯૦(અ હેઠળનો છે, કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે વારંવાર સમન્સ/વોરન્ટ કરવા છતાં બજવણી થતી નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરન્ટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી કે પોલીસ બજવણી અધિકારી પ્રોસેસની રૂએ આરોપીને હાજર કરી શકેલા નથી અને આરોપીને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે. કેસનું રેકર્ડ જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમાં ઉપલબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોર્ટ/ રજુઆત નથી જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરન્ટ ઈસ્યુ કરવા છતા આરોપીની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સિવાય અન્ય કોઈ હેતુ સરતો નથી આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચિત જણાતી નથી.

**પી.રામચંદ્ર વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે ,"“The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial” આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલછે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને દયાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ –૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ –૨૫૮ મુજબ **આરોપી નં–૨, ૬, ૭** સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે

૩. આ કામે કબ્જે લીધેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય વીતે ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા: ૦૯ મી, માહે: ડીસેમ્બર , સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.: ૦૯/૧૨/૨૦૨૩

સ્થળ:.અમદાવાદ

**( એમ.એસ.સુતરીયા )**
બીજા એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.